# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-12-2024 Evening : 7.50 to 8.00

Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીઓ સાથે બજેટ પૂર્વેની ચર્ચા કરી
- કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોષીએ આજે રાષ્ટ્રીય ગ્રાહક દિવસ પ્રસંગે ગ્રાહકોનાં રક્ષણ માટે જાગો ગ્રાહક જાગો એપ, જાગૃતિ એપ રજૂ કર્યું
- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો- NCRB સાથે ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણ અંગે સમીક્ષા કરી
- હવામાન વિભાગે આગામી બે દિવસ હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, લડાખ, પંજાબ, હરિયાણામાં ઠંડીનું મોજું રહેવાની આગાહી કરી
- ICCએ મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું સમયપત્રક જાહેર કર્યું: 23 ફેબ્રુઆરીએ ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલો

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**NEW PM – ECONOMIST BUDGET**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, ભારતને 2047 સુધીમાં વિક્સિત બનાવવા માટે માનસ પરિવર્તન કરવાથી વિક્સિત ભારતનું લક્ષ્ય હાંસલ કરી શકાશે. નવી દિલ્હીમાં નિતી આયોગમાં પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીઓ અને વિચારકો સાથે  નાણાકીય વર્ષ 2025-26 માટે બજેટ પૂર્વેની ચર્ચામાં પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

બેઠકમાં કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ, નિતી આયોગના સીઇઓ બીવીઆર સુબ્રમણ્યમ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાણાકીય વર્ષ 2025-26 માટે બજેટ પૂર્વેની ચર્ચાઓ 6 ડિસેમ્બરથી શરૂ થઇ છે. સુશ્રી સીતારમણ અગાઉ વિવિધ રાજ્યોના નાણા મંત્રીઓ, ખેડૂત સંગઠનો, અર્થશાસ્ત્રીઓ અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો-MSME સાથે ચર્ચા કરી ચૂક્યા છે. નાણા મંત્રી 1 ફેબ્રુઆરીનાં રોજ લોકસભામાં અંદાજપત્ર રજૂ કરે તેવી સંભાવના છે.

## PM - MADHYA PRADESH

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મધ્યપ્રદેશની મુલાકાત લેશે. તેઓ ખજુરાહોમાં અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી કેન-બેતવા નદીને જોડતી રાષ્ટ્રીય પરિયોજનાનો શિલાન્યાસ કરશે, જે રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય યોજના હેઠળ દેશની નદીઓને એકબીજા સાથે જોડવાની પ્રથમ યોજના છે. આ પ્રોજેક્ટ મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં સિંચાઈની સુવિધા પૂરી પાડશે અને લાખો ખેડૂત પરિવારોને ફાયદો થશે.

પ્રધાનમંત્રી મોદી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ નિમિત્તે એક સ્મારક ટિકિટ અને સિક્કો પણ બહાર પાડશે. તેઓ એક હજાર 153 અટલ ગ્રામ સુશાસન ભવનનો શિલાન્યાસ પણ કરશે. આ ભવન ગ્રામ પંચાયતોના કાર્ય અને જવાબદારીઓનાં વ્યાવહારિક સંચાલનમાં મહત્વની ભૂમિકા ભજવશે

પ્રધાનમંત્રી ખંડવા જિલ્લામાં ઓમકારેશ્વર ખાતે સ્થાપિત ઓમકારેશ્વર ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટથી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને વર્ષ 2070 સુધીમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના સરકારના મિશનમાં યોગદાન આપશે.

## JOSHI - CONSUMER DAY

આજે રાષ્ટ્રીય ગ્રાહક દિવસ પ્રસંગે કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોષીએ ઇ-કોમર્સ પ્લેટફોર્મ પર ગ્રાહકોને ગુમરાહ કરતી ડાર્ક પેટર્નની ઓળખ કરવા અને ગ્રાહકોનાં સશક્તિકરણનાં હેતુથી અનેક પહેલનો વર્ચ્યુઅલી શુભારંભ કર્યો.

શ્રી જોષીએ ગ્રાહકોનાં રક્ષણ માટે જાગો ગ્રાહક એપ, જાગૃતિ એપ અને જાગૃતિ ડેશબોર્ડ રજૂ કર્યું હતું. જાગો ગ્રાહક એપ ગ્રાહકની તમામ ઓનલાઇન પ્રવૃત્તિ દરમિયાન તમામ URL અંગે જરૂરી ઇ-કોમર્સ માહિતી પૂરી પાડશે, કોઇ URL અસલામત હશે તો એલર્ટ કરશે.

શ્રી જોષીએ ગ્રાહકોનાં અધિકારોનું રક્ષણ કરવા અને તેમનું સશક્તિકરણ કરવાની સરકારની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. આ પ્રસંગે ગ્રાહક બાબતોનાં કેન્દ્રીય રાજ્યમંત્રી બીએલ વર્માએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ- બી.એલ.વર્મા)

## SHAH-REVIEW MEETING NCRB

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો-NCRB સાથે ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠક દરમિયાન, શ્રી શાહે એનસીઆરબીને ઇન્ટર-ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (ICJS)ના બીજા તબક્કામાં નવા ફોજદારી કાયદાના સંપૂર્ણ અમલીકરણની સુવિધા આપવા જણાવ્યું હતું.

ગૃહમંત્રીએ કહ્યું હતું કે ગૃહમંત્રીએ એમ પણ કહ્યું હતું કે તમામ ફોજદારી કેસ માટે પૂર્વવ્યાખ્યાયિત તબક્કાઓ અને સમયમર્યાદા પર નોંધણીથી લઈને કેસના નિકાલ સુધીની ચેતવણીઓ પીડિતો અને ફરિયાદીઓને પહોંચાડવી જોઇએ.

તેમણે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઇ-સાખ્ય, ન્યાયશ્રુતિ, ઇ-સાઇન અને ઇ-સમન્સ જેવી એપ્લિકેશનના ઉપયોગ પર ભાર મૂક્યો હતો. તમામ ફોજદારી કેસ માટે પૂર્વવ્યાખ્યાયિત તબક્કાઓ અને સમયમર્યાદા પર નોંધણીથી લઈને કેસના નિકાલ સુધીની ચેતવણીઓ પીડિતો અને ફરિયાદીઓને લાભ આપવા માટે જનરેટ થવી જોઈએ. તેમણે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં **eSakshya, Nyaya Shruti, eSign** અને **eSummons** જેવી એપ્લિકેશનના ઉપયોગ પર ભાર મૂક્યો હતો.

શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગૃહ મંત્રાલય અને **NCRB** નાં અધિકારીઓની ટીમે ટેકનિકલ પ્રોજેક્ટ્સનો સ્વીકાર વધારવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની મુલાકાત લેવી જોઇએ અને તેમને શક્ય તમામ મદદ કરવી જોઇએ.

## HM-UTTARAKHAND

કેન્દ્રીય ગૃહ મંત્રી  અમિત શાહના  અધ્યક્ષ સ્થાને ઉત્તરાખંડમાં ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણની સમીક્ષા કરવા માટે નવી દિલ્હીમાં એક બેઠક યોજાઇ હતી.

આ અંગે મુખ્યમંત્રી પુષ્કરસિંહ  ધામીએ જણાવ્યું હતું કે, દેશમાં જુલાઈ મહિલાથી નવા કાયદા લાગુ કરવામાં આવ્યા છે અને ઉત્તરાખંડ આ કાયદાઓને લાગુ કરવા માટે ઝડપથી કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે, આજે આ કાયદાઓ સ્થાપિત કરવા માટે રાજ્યમાં અત્યાર સુધી જે કામગીરી કરવામાં આવી છે, તેની વિગતવાર સમીક્ષા કરવામાં આવી છે. શ્રી ધામીએ કહ્યું, નવા કાયદા દેશને નવી દિશા આપવાનું કામ કરશે.

## SHAH - AGRICULTURE COOPERATIVE

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે નવી દિલ્હીમાં દસ હજારથી વધુ નવી સ્થપાયેલી બહુહેતુક પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી સંસ્થાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ સહકારી સંસ્થાઓની રાષ્ટ્રીય પરિષદ દરમિયાન નવી રચાયેલી સહકારી મંડળીઓને નોંધણી પ્રમાણપત્રો, રુપે કિસાન ક્રેડિટ કાર્ડ્સ અને માઇક્રો એટીએમનું વિતરણ પણ કરશે.

આ નાણાકીય સાધનો પંચાયતોમાં ધિરાણ સેવાઓમાં સરળતા પ્રદાન કરવા, નાણાકીય સમાવેશિતાને પ્રોત્સાહન આપવા, ગ્રામીણ વસ્તીને વિવિધ યોજનાઓનો લાભ આપવા અને દેશની આર્થિક પ્રગતિમાં ભાગ લેવા સક્ષમ બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે.

## IMD COLD

હવામાન વિભાગે આવતી કાલ સુધી હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, લડાખ, પંજાબ હરિયાણા અને ચંદીગઢમાં ઠંડીનું મોજું રહેવાની આગાહી કરી છે. હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પેટા હિમાલયન પશ્ચિમ બંગાળ, બિહાર તથા પૂર્વોત્તરનાં રાજ્યોમાં આગામી બે દિવસ સુધી રાત્રે અને સવારનાં કલાકોમાં ગાઢ ધુમ્મસ રહેવાની આગાહી કરી છે.

દરમિયાન, અમારા ચંદીગઢના પ્રતિનિધિ જણાવે છે કે, હિમાચલ પ્રદેશમાં સિમલા તથા ઊંચાઈવાળા અન્ય વિસ્તારોમાં નાતાલ અને નવા વર્ષ પૂર્વે બરફવર્ષા થતાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. પ્રવાસીઓ સિમલા, કુફરી, નારકંડા, મનાલી અને ડેલહાઉસી જેવા સ્થળોએ બરફવર્ષાની મોજ માણી રહ્યા છે.

## JAISHANKAR VISIT

વિદેશ મંત્રી ડૉ.એસ. જયશંકર આજથી છ દિવસની અમેરિકાની મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન તેઓ અમેરિકામાં તેમના સમકક્ષ નેતાઓને મળશે અને

દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. ડૉ. જયશંકર અમેરિકામાં ભારતીય કોન્સ્યુલ જનરલની કોન્ફરન્સની પણ અધ્યક્ષતા કરશે.

## CHAMP TROPHY SCHEDULE

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ ICCએ આજે આઇસીસી મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટેનું સમયપત્રક જાહેર કર્યું હતું. આવતા વર્ષે 19 ફેબ્રુઆરીથી 9 માર્ચ સુધી સ્પર્ધા રમાશે. વર્તમાન ચેમ્પિયન પાકિસ્તાન વર્ષ 1996 પછી પ્રથમ વાર વૈશ્વિક ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરી રહ્યું છે. તટસ્થ સ્થળ તરીકે યુએઇમાં પણ કેટલીક મેચો રમાશે.

ગ્રૂપ એમાં ભારત ઉપરાંત બાંગલાદેશ, ન્યૂઝીલેન્ડ અને પાકિસ્તાન છે, જ્યારે ગ્રૂપ બીમાં અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઇંગલેન્ડ અને દક્ષિણ આફ્રિકા છે. 19 ફેબ્રુઆરીએ કરાચીમાં પ્રથમ મેચમાં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ ટકરાશે. 23મીએ ભારત અને કટ્ટર હરીફ પાકિસ્તાન દુબઇમાં રમશે.

સલામતીનાં કારણોસર ભારતની ટીમ પાકિસ્તાન નહીં જાય અને તમામ મેચો દુબઇમાં રમશે. પ્રથમ સેમિ ફાઇનલ 4 માર્ચે દુબઇમાં તથા બીજી સેમિફાઇનલ અને ફાઇનલ પાંચ અને નવ માર્ચે લાહોરમાં રમાશે. જો ભારત સેમિ ફાઇનલ કે ફાઇનલ માટે પાત્ર ઠરે તો તે મેચો દુબઇમાં રમાશે.

## IND-WI ODI TARGET

મહિલા ક્રિકેટમાં, વડોદરાનાં કોટાંબી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ત્રણ મેચોની આઇસીસી ચેમ્પિયનશિપ શ્રેણીની બીજી વન-ડે મેચમાં ભારતે વેસ્ટ ઇન્ડિઝને જીત માટે 359 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

છેલ્લાં અહેવાલો પ્રમાણે વેસ્ટ ઇન્ડિઝે 4 વિકેટે 158 રન કર્યા છે.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ લેતાં ભારતે મર્યાદિત 50 ઓવરમાં 358 રન કર્યા હતા. હર્લીન દેઓલે સૌથી વધુ 115 રન અને પ્રતિકા રાવલે 76 રન કર્યા હતા.

વેસ્ટ ઇન્ડિઝ વતી એફી ફ્લેચર, કિયાના જોસેફ, દીએન્ડ્ર ડોટ્ટીન અને ઝાયદા જેમ્સે એક-એક વિકેટ લીધી હતી.

આ જ મેદાન પર રવિવારે રમાયેલી પ્રથમ મેચમાં ભારતે 211 રને વિજય મેળવ્યો હતો.